2019

# તાલીમ કાર્યક્રમ અહેવાલ




આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

# આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**અને**

# આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,

# ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**દ્વારા આયોજિત**

# "આદિજાતિ વિકાસ વ્યવસ્થાપન સર્ટીફિકેટ કોર્ષ"

## વિષય પર તાલુકા, જિલ્લા વ્યવસ્થાપકો માટેની બે દિવસીય તાલીમ કાર્યક્રમ

**તારીખ : ૦૭ – ૧૧ – ૨૦૧૯ થી ૦૮ – ૧૧ – ૨૦૧૯ સુધી**

**સ્થળ : આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ**

## ✚ પ્રસ્તાવના :–

આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર **TRTI** ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા આદિજાતિ વિકાસ વ્યવસ્થાપક સર્ટિફિકેટ કોર્ષ પ્રોજેક્ટ અંતર્ગત આદિજાતિ વિસ્તારના તમામ – ૫૨ (બાવન) તાલુકાઓમા તાલુકા વ્યવસ્થાપક, તમામ ૧૪ જિલ્લાઓમા ૮ જિલ્લા વ્યવસ્થાપક નિયુક્ત કરવામા આવ્યા છે જેઓને આદિજાતિ વિકાસ સંબંધિત વિષયો પર તાલીમ આપવામા આવશે અને સાથે – સાથે ત્રણ વર્ષ સુધી આદિજાતિ વિકાસ વિભાગની તેમજ અન્ય તમામ સરકારી યોજનાઓ, વિકાસ કાર્યક્રમોને ગામડાના લાભાર્થી સુધી પહોંચાડવામા તેઓ મહત્વની ભૂમિકા અદા કરશે. આ કામ માટે પ્રત્યેક તાલુકા વ્યવસ્થાપકને માસિક રૂ. ૯૦૦૦/– (પ્રવાસ ખર્ચ સહિત) અને જિલ્લા વ્યવસ્થાપકને માસિક રૂ. ૧૨૦૦૦/– (પ્રવાસ ખર્ચ સહિત) સ્ટાઈપેંડ આપવામા આવશે. આ સમગ્ર પ્રોજેક્ટનુ અમલીકરણ **TRTI** મારફત કરવામા આવશે.

## ✚ પ્રોજેક્ટ વિષે :–

આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આદિજાતિ વિસ્તાર વિકાસ માટે અનેકવિધ યોજનાઓ ચાલી રહી છે આ યોજનાની સંખ્યા અને વિસ્તાર જોતાં આ યોજનાઓ સફળદાયક અને પરિણામલક્ષી બને તે માટે આદિજાતિ વિકાસ વિભાગની પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરી અને આદિવાસી લાભાર્થી બંન્ને વચ્ચે એક કડીરૂપ ભૂમિકા સ્થાપવી આવશ્યક છે કારણ કે સરકારની વિવિધ યોજનાઓનો હેતુ સાચા લાભાર્થીને લાભ મળે તે લાભથી તેની સુખાકારી વધે, તેને આર્થિક મદદ મળી રહે તે મદદના માધ્યમથી આપણા આદિવાસી લાભાર્થીનો આર્થિક અને સામાજીક ઉત્કર્ષ થાય તેવા ઉમદા હેતુસર આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા વિકાસલક્ષી યોજનાઓનુ અમલીકરણ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના અન્ય વિસ્તારો કરતાં આદિવાસી વિસ્તારની ઘણી મર્યાદાઓ રહેલી છે જેમ કે આદિવાસી વિસ્તાર ભૂ–ભૌગોલિક રીતે છુટા–છવાયો, દુર–દરાજ વિસ્તારોમાં આદિવાસી લોકોનો વસવાટ છે એક–ગામથી બીજુ ગામ તથા એક જ ગામમાં પણ કુંટુંબોનો છુટો–છવાયો વસવાટ છે શિક્ષણનું પ્રમાણ અન્ય વિસ્તારો અને અન્ય લોકો કરતાં પ્રમાણમાં ઓછું છે તેથી વિકાસ યોજનાઓનો લાભ મેળવવાની જાગૃતિ પણ ઓછી હોવાનું સંભવ છે તે સાથે ઘણા આદિજાતિના જિલ્લાઓમાંથી મજૂરી માટે સ્થળાતંરનું પ્રમાણ પણ વધુ છે એટલે કે મોટા પ્રમાણમાં કુંટુંબો પોતાનું વતન છોડીને શહેરોમાં ગુજારો કરતા હોય છે અને તેવા કુંટુંબોના ઘરડા માં–બાપ, દાદા–દાદી અને બાળકો સાથે પોતાના ગામ, ઘરે વસવાટ કરતા હોય છે તેવી પરિસ્થિતિમાં સરકારી સહાય યોજનાઓ હોવા છતાં ઘણા પરિવારો આ યોજનાઓના લાભો મેળવી શકતા નથી, જેના કારણે યોજનાઓનો મુળ હેતુ બર આવતો નથી, આવી પરિસ્થિતિમા ઓછી અસરકારક અને પરિણામલક્ષી બને છે. આ તમામ બાબતોના ઉપાય માટે આદિજાતિ વિકાસ વિભાગની

સંબંધિત જિલ્લા કચેરીઓ અને લાભાર્થી બંન્ને વચ્ચે કડીરૂપ ભુમિકા અદા કરીને અમલીકૃત વિકાસ યોજનાઓને સફળ બનાવવા માટે ''આદિજાતિ વિકાસ વ્યવસ્થાપક સર્ટિફિકેટ કોર્ષ'' પ્રોજેક્ટના માધ્યમથી ૬૦ આદિજાતિ વિકાસ વ્યવસ્થાપકોને જિલ્લા અને તાલુકા સ્તરે નિયુક્ત કરવામાં આવ્યા છે, જેઓ તમામ પર (બાવન) તાલુકાઓ અને ૧૪ જિલ્લાઓમાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત D-SAG, EMRS, GTDC અને હળપતિ વિકાસ નિગમ વિગેરેની અમલીકૃત યોજનાઓ જેવી કે વનબંધુ કલ્યાણ યોજના, કૃષી વૈવિધ્યકરણ યોજના, વાડી/ મંડપ યોજના, સંકલિત ડેરી વિકાસ યોજના, ન્યુ ગુજરાત પેટર્ન, દૂધ સંજીવની યોજના, પેસા એક્ટ, વન અધિકાર અધિનિયમ, શૈક્ષણિક યોજનાઓ સહિત અન્ય બાબતે લાભાર્થીઓને લાભ મળે તે માટે મદદરૂપ થશે, લાભાર્થીઓને લાભ મેળવવા પડતી મુશ્કેલીઓમાં મદદરૂપ બનશે તથા યોજનાઓનો લાભ, લાભાર્થી સુધી પહોંચાડવા માટે મહત્વની ભૂમિકા ભજવશે.

## પ્રોજેક્ટના હેતુઓ :-

(૧) આ પ્રોજેક્ટ અંતર્ગત આદિજાતિ વિસ્તારના કુલ – પર (બાવન) તાલુકામા તાલુકા વ્યવસ્થાપક અને ૧૪ જિલ્લામા જિલ્લા વ્યવસ્થાપકોન ત્રણ વર્ષ સુધી તાલુકા જિલ્લા સ્તરે કામ કરશે અને તે દરમ્યાન "આદિજાતિ વિકાસ વ્યવસ્થાપન" વિષય અંગેની કુલ ૬ (છ) માસની તાલીમ પ્રથમ અને બીજા વર્ષ દરમ્યાન સફળદાયક રીતે પૂર્ણ કરશે તેવા વ્યવસ્થાપક મિત્રોને "આદિજાતિ વિકાસ વ્યવસ્થાપન" વિષય અંગે આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર TRTI ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા સર્ટિફિકેટ આપવામા આવશે.

(૨) આદિજાતિ વિસ્તારોમા અમલીકૃત વિકાસ કાર્યક્રમોના અમલીકરણ માટે સરકારી કચેરીઓ અને લાભાર્થીઓ વચ્ચેની ગેપ પુરી કરી વિકાસ કાર્યક્રમોને પરિણામલક્ષી બનાવવા.

(૩) આદિજાતિ લાભાર્થીઓને સરકારી યોજનાઓ, કાર્યક્રમો અંગેનુ માર્ગદર્શન મળી રહે, યોજનાઓના જરૂરીયાતમંદ લાભાર્થીઓને લાભ મળે તેથી વિકાસ યોજનાઓ અસરકારક બનાવી શકાય.

(૪) આદિજાતિ વિસ્તારોમા 'પેસા એક્ટ', એફ.આર.એ., વનબંધુ કલ્યાણ યોજના (વીકેવાય), સ્થળાંતરિત કામદારો માટેની હેલ્પ-લાઈન સેવા વિગેરે યોજનાઓને અસરકારક બનાવી તે તમામ મા ગતિ લાવવી.

(૫) આદિજાતિ વિસ્તારોમા લાભાર્થી લોકો અને સરકારી કચેરી વચ્ચે સંકલન કરી વિકાસ કાર્યક્રમો યોજનાઓની સફળતાના આંકને ઉંચો લઈ જવો.

## પ્રથમ દિવસ : સત્ર : ૧

### ૨ દિવસીય તાલીમ કાર્યક્રમનો ઉદ્દઘાટન કાર્યક્રમ, દિપ પ્રાગટ્ય અને મહાનુભાવોનુ સ્વાગત



આદિજાતિ વિકાસ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત બે દિવસીય તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન કાર્યક્રમ તેમજ તાલીમ કાર્યક્રમનુ આયોજન આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ખાતેના તાલીમ હોલ ખાતે કરવામા આવ્યુ હતુ. પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શુભ શરુઆત કરવામા આવી.

તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન કાર્યક્રમના અધ્યક્ષ માન. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ જે. રંજીથકુમાર, માન. કુલસચિવશ્રી ગૂજરાત વિદ્યાપીઠ શ્રી ભરતભાઇ જોષી, ડિરેક્ટર, શાશ્વત વિકાસ પ્રબોધન પરીષદ શ્રી પ્રદિપ અગ્રવાલ અને તજજ્ઞશ્રી ડૉ. ગજાનન ડાંગેજીએ હાજરી આપી હતી.







તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટન કાર્યક્રમમા પ્રાર્થના બાદ મંચસ્થ મહાનુભાવોનો પરિચય કરાવવામા આવ્યો અને ત્યાર બાદ દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની વિધિવત રીતે શરુઆત કરવામા આવી. તદઉપરાંત વિદ્યાપીઠની પરંપરા મુજબ મંચસ્થ મહાનુભાવોનુ સ્વાગત સુતરની આંટી દ્વારા કરવામા આવ્યુ.

## તાલીમ કાર્યક્રમની પ્રસ્તાવના, ઉદ્દેશ્ય/હેતુઓ અને ઉદ્દબોધન

ડૉ. દેવચંદ વહોનિયા, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રએ આ પ્રોજેક્ટ અને આ પ્રોજેક્ટ અંતર્ગત આ બે દિવસીય તાલીમ કાર્યક્રમની પ્રસ્તાવના રજુ કરી. જેમા તેઓએ આ પ્રોજેક્ટના ઉદ્દભવ અને સંપૂર્ણ યોજના પાછળના મુખ્ય ઉદ્દેશ્ય અને હેતુઓ વિષે જાણકારી આપી. આ યોજના થકી સરકારની તમામ યોજનાઓને છેવાડાના આદિવાસી લોકો સુધી પહોચાડવા તેમજ તેની પ્રાથમિક જાણકારી અને તેનો લાભ મેળવવામા આ વ્યવસ્થાપકો મદદરૂપ થશે તેમ જણાવેલ





"આદિજાતિ વિકાસ વ્યવસ્થાપન" વિષય પર તજજ્ઞશ્રી ડૉ. ગજાનન ડાંગેજીએ જણાવ્યુ કે સરકારશ્રી દ્વારા આદિવાસીઓના વિકાસ માટે કરોડોની યોજનાઓ બનાવી ખર્ચ કરવામા આવે છે તે ખર્ચ થનાર નાણાનો વ્યવસ્થિત ઉપયોગ થાય તે જોવનુ કામ તમામ સરકારના વિભાગનુ તથા આદિજાતિ સમાજનુ પણ છે. આ માટે ભારતના જનજાતિ વિસ્તારમા વિદ્યમાન કુદરતી સંસાધનોનો સતત પોષણિય વિકાસની અવધારણાના આધારે ઉપયોગ, પરંપરાગત જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનને સાથે રાખીન ચાલવુ, લોક ભાગીદારી, અને ગાંધીજીએ આપેલ વિકાસની પરિભાષા વિગેરે પરિભાવનાઓની સાથે રાખી બધાના સમંન્વયથી વિકાસ થવો જોઇએ તેમ જણાવ્યુ.

શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદના ટ્રસ્ટીશ્રી પ્રદિપ અગ્રવાલ દ્વારા આ વિષય પર પોતાના વિચારો રજુ કરતા જણાવ્યુ કે ગુજરાતના આદિવાસીઓની વૈવિધ્યપૂર્ણ સંસ્કૃતિને જાળવીને તેમને વિકાસની મૂળ ધારામા લાવવા માટે અનેકવિધ પ્રયાસ કરવામા આવી રહ્યા છે. આપણે જે ગામમાથી આવીએ છીએ ત્યા જોવુ જોઇએ કે ગામનો વિકાસ કેવો થયો. જળ, જમીન અને જંગલના પરિવર્તન વિષે અને આજની હકિકત વિષે વિચાર કરવાનો અનુરોધ કર્યો. ભવિષ્યની ચિંતા કરતા તેમણે જણાવ્યુ કે આપણે એ વિચાર કરવો જોઇએ કે આવનારી પેઢી માટે આપણે કેવુ પર્યાવરણ છોડીને જઇશુ. આપણા સંતાનો આપણને કેવા સંદર્ભમા યાદ કરવા જોઇએ એ આપણે નક્કી કરવુ જોઇશે.



ગૂજરાત વિદ્યાપીઠના કુલ સચિવશ્રી ભરતભાઈ જોષી એ પોતાના ઉદ્દબોધનમા જણાવ્યુ કે, આપણે હમેશા જવાબદારીપૂર્વક વર્તવુ જોઇએ, ત્યારે જ આપણે વિકાસની કેડી પર ચાલી શકીએ છીએ. જ્યારે તક મળે ત્યારે એ તકનો પુરો લાભ ઉઠાવવો જોઇએ. આજના સમયમા નોલેજ–માહિતી એ એક પ્રકારનો પાવર છે. યોજનાઓ છે પણ લોકોને એની જાણકારી નથી. એટલે તમારે લોકો સુધી આ માહિતી પહોચાડવી અને તેઓને પાવરફુલ બનાવવાના છે તથા લાભાર્થીઓને પરામર્શક, માર્ગદર્શન અને દિશાસૂચક બનવાનુ કામ તમારા શિરે છે તેમ જણાવેલ.

## માન. કમિશ્નરશ્રીન, આદિજાતિ વિકાસનુ અધ્યક્ષીય ઉદ્દબોધન






આ તાલીમ કાર્યક્રમના ઉદ્દઘાટક અને અધ્યક્ષ માન. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, દ્વારા પોતાના ઉદ્દબોધન દરમિયાન તમામ વ્યવસ્થાપકોને સરકાર અને લોકોની ખુટતી કડી ગણાવ્યા અને જણાવ્યુ કે આપ તમામ આદિજાતિ વિસ્તારમા રહી સ્થાનિક સ્તરની જરૂરીયાતો અમને જણાવશો જેથી સરકારને નીતિ ઘડતરમા મદદ મળી રહેશે. તેમણે જણાવ્યુ કે સચિવાલયના બધાજ વિભાગો કરતા આદિજાતિ વિકાસ વિભાગને ભાગે ઘણુ કામ છે આ વિભાગ ખુદ એક નાનુ સચિવાલય છે જેમા ૪૫૦ થી પણ વધુ યોજનાઓ ચાલે છે. ખેતી વાડી, પશુપાલન, શિક્ષણ, આવાસ, સિંચાઇ, લોન વિગેરે તમામ પ્રકારાની સરકારી યોજનાઓ વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત કાર્યરત છે. પરંતુ જરૂર છે આ યોજનાઓની જણકારી લોકો સુધી પહોંચાડવી આદિજાતિ વિસ્તારમા જઇને તમારે આ તમામ માહિતી લોકોને પુરી પાડવાની છે અને તમે બધાજ સરકાર અને લોકો વચ્ચે કડી રૂપ સાબિત થશો એવી મને આશા છે.

## સત્ર : ૨

### પરિચય સત્ર : (૧) શ્રી ભરતસિંહ ગોહિલ, સંશોધક, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
### (૨) શ્રી નવનીતભાઇ વાઘેલા, સંકલનકર્તા, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ




ઉદ્દઘાટન કાર્યક્રમની પૂર્ણાહૂતિ કર્યા બાદ દ્વિતીય સત્રની શરુઆત તમામ તાલીમાર્થીઓના ટુંકમા પરિચયથી કરવામા આવી. ઉપસ્થિત તમામ તાલુકા અને જિલ્લા વ્યવસ્થાપકોએ પોતાનો જિલ્લાવાર પરિચય આપ્યો જેમા અભ્યાસ, અનુભવ વિગેરેની જાણકારી આપી હતી.

## સત્ર : 3

### વિષય : ગ્રામીણ અભ્યાસ : પ્રવર્તમાન સમયમા આદિવાસી વિસ્તારમા તેની આવશ્યકતા
### તજજ્ઞ : ડૉ. ગજાનન ડાંગે, ટ્રસ્ટીશ્રી, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ

તાલીમ કાર્યક્રમના ત્રીજા સત્રમા તજજ્ઞ ડૉ. ગજાનન ડાંગેજીએ ગ્રામા અધ્યયન વિષય પરની પાયાની જાણકારી આપી. જેમા મુખ્યત્વે પોતે પોતાના ગામમા આજકાલ કેવા પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. કેવા પ્રશ્નો ઉદ્દભવે છે વિગેરે વિષે તાલીમાર્થીઓને પ્રશ્નો કર્યા અને એમનેજ એના પ્રત્યુત્તરમા એના ઉપાયો વિશે પુછ્યુ. આમ તેઓએ તાલીમાર્થીઓને વિચારવા અને તે વિચારને કાર્યમા લાવવાનુ શિખવ્યુ. ગ્રામ ધ્યયનનો પ્રારંભ પોતાના અને પોતાની આસપાસના ગામના અધ્યયનથી કરવા તાકીદ કરી. આજની સમસ્યાઓ વિશે જણાવતા કહ્યુ કે આજકાલ કામ અને રોજીરોટીની ખોજમા સ્થળાંતર વધ્યુ છે. જેથી ખેતી ઘટી છે. ગામમા સિંચાઇ માટેના મુખ્ય સ્ત્રોત એવા ભુમિગત જળસ્તર નિચા ગયા છે. ગામમા વસતિ, પ્રદુષણ, રસાયણિક ખાતરનો ઉપયોગ, વ્યસન વગેરેમા વધારો થયો છે વિગેરે સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો હતો.

આવી સ્મસ્યાઓનુ નિવારણ અથવા વિકલ્પ શુ હોઇ શકે ? એવો પ્રશ્ન કરી તાલીમાર્થીઓને તેના જવાબ આપવા માટે વિચારવા કહેલ. આમ પ્રવર્તમાન પ્રશ્નો અને તેના સરળ અને સર્વવિદિત ઉપાયોથી ગામના અધ્યયન થકી તેનો વિકાસ કરી શકાય છે તેવુ જણાવેલ. અવલોકનોના આધારે ગામનો અભ્યાસ કરવો અને પોતાના કામની શરૂઆત કરવી. આમ આ સત્રમા ડૉ. ડાંગેજીએ ગામનો અભયાસ કઇ રીતે કરવો એ વિષય પર વિસ્તૃત માહિતી અને કાર્યપદ્ધતિ વિષે સમજ આપી.

## આદિવાસી સંગ્રહાલયની મુલાકાત



ગ્રામ અધ્યયન વિષય પરના સત્ર બાદ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ખાતે આવેલ આદિવાસી સંગ્રહાલયની મુલાકતનુ આયોજન કરેલ હતુ જેમા પ્રથમ સંગ્રહાલયના કેર ટેકર ડૉ. તેજલબેન અધ્વર્યુ દ્વારા ગૂજરાત વિદ્યાપીઠની, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સ્થાપના અને આદિવાસી સંગ્રહાલયની સ્થાપના અંગેની પૂર્વ ભુમિકા જણાવ્યા બાદ મ્યુઝીયમમા શુ છે તેના વિષે જણાવેલ. જેમા ગુજરાતમા વિદ્યમાન કુલ ૨૬ આદિજાતિઓની જીવનશૈલીના આધારે પ્રતિકૃતિ બનાવી તેઓની રીતભાત અને પહેરવેષની ઝાંખી કરાવવામા આવી, સાથે – સાથે આ જાતિઓ વિષે જરુરી માહિતી પણ આપવામા આવી. આદિવાસીઓના ઉત્સવો, પ્રસંગો, રોજબરોજની પ્રવૃતિ તથા તેઓની ખાનપાનની પધ્ધતિ વિગેરેની જાણકારી આપાઇ અને ત્યાર બાદ સામુહિક રીતે મ્યુઝીયમની મુલાકત લેવામા આવી હતી.

### સત્ર : ૪

**વિષય : પત્રક ચર્ચા : ગ્રામીણ વિકાસ સંશોધન વિષે ચર્ચા**

**તજજ્ઞ : શ્રી મૌલિક પટેલ, મેનેજર, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ**



આ સત્રમા મુખ્યત્વે ગ્રામ અધ્યયન માટેની માહિતી એકત્ર કરવા અંગેના વિષય પર વાત કરવામા આવી હતી. સામાન્ય રીતે અધ્યયન માટે સૌથી જરુરી છે જે–તે વિષયવસ્તુની જાણકારી અથવા માહિતી જેના આધારે તમે એના પર આગળ અધ્યયન કરી શકો. કઇ પદ્ધતિ દ્વારા માહિતી મેળવી શકાય તથા ગામમા જઇને તેના માટે કેવા પ્રકારના પ્રશ્નો પૂછીએ શકાય. આ કામગીરી માટે એક ફોર્મ બનાવવામા આવેલ છે જેમા અલગ–અલગ છ મુદ્દાઓને આવરી લઇને પ્રશ્નોત્તરી તૈયાર કરવામા આવેલ છે. તે ફોર્મને કઇ રીતે ભરવુ તેની વિગતવાર ચર્ચા કરવામા આવી હતી.

## દ્વિતીય દિવસ : સત્ર : ૧

### વિષય : વ્યવસ્થાપકોએ આગામી ત્રિમાસિક કામગીરીનુ આયોજન

### તજજ્ઞ : ડૉ. ગજાનન ડાંગે અને શ્રી નવનીસ વાઘેલા, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ



આ સત્રમા મુખ્યત્વે તમામ વ્યવસ્થાપકોએ આગામી ત્રણ મહિનામા શુ કામગીરી કરવાની છે તેની સમજ આપવામા આવી હતી. જેના માટે સંસ્થાના કૉ–ઓર્ડીનેટર શ્રી નવનીતભાઇ વાઘેલાએ પાવર પોઇન્ટ પ્રેઝેંટેશન દ્વારા વિગતવાર કામાગીરી દર્શાવી હતી. જેમા જણાવ્યુ કે અધ્યયન માટે પ્રાથમિક તબક્કે ૧૫ ગામ નક્કી કરવા, સવારે ૯ થી રાત્રિના ભોજન સુધી સંધિત ગામમા અધ્યય્ન અર્થે રહેવુ, રજા અંગે અગાઉથી જાણ કરવી અને કામગીરીનો અહેવાલ રોજ સમયસર પહોચતો કરવો.

## સત્ર : ૨

### વિષય : આદિવાસીઓનો પરિચય

### તજજ્ઞ : ડૉ. મહેશભાઇ ગામીત, અધ્યાપક, સમાજશાસ્ત્ર, ગૂજરાત વિદ્યાપીઠ

આ ઉપરોક્ત વિષય અન્વયે ડૉ. મહેશભાઇ ગામીતએ દેશના આદિવાસીઓ વિશે ટુંકમા પરિચય આપીને ગુજરાતમા દાંતાથી લઈને ડાંગ સુધીના વિસ્તારમા વસતી ૨૬ આદિજાતિઓની વાત કરવામા આવી. તેના વિષે પ્રાથમિક જાણકારી આપવામા આવી હતી. ગીરના જંગલઓમા નેસ વિસ્તારમા વસતા રબારી, ભરવાડ, ચારણ વિશેની જાણકારી આપી. ઉપરાંત ગુજરાતની આદિજાતિઓમા અતિ પછાત એવી કોટવાલીયા, કોલઘા, સીદી, પઢાર અને કાથોડી જાતિની સાંસ્કૃતિક અને પરંપરાગત રીત–રીવાજો વિગેરે જાણકારી આપવામા આવી હતી. તેમજ ગુજરાત રાજ્યમા આદિજાતિઓનો મુખ્ય વિસ્તાર એવી રાજ્યની પૂર્વપટ્ટી અંગે વિશેષ સમજણ આપી હતી.



દ્વિતીય સત્ર બાદ નિયામકશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, શ્રી રાજેંદ્ર ખીમાણી દ્વારા પોતાનુ પ્રેરક ઉદ્દબોધન આપવામા આવ્યુ અને વ્યવસ્થાપકોને પ્રોત્સાહિત કર્યા. ત્યાર બાદ ગૂજરાત વિદ્યાપીઠની દૈનિક કાર્યપ્રણાલી તમામ તાલીમાર્થીઓને વિદ્યાપીઠના ઉપાસના ખંડમા થયેલ પ્રાર્થનામા સહભાગી બનાવામા આવ્યા. જ્યા વિદ્યાપીઠ સેવકો દ્વારા કાંતવાની પ્રક્રિયા નિહાળવાનો અવસર મળ્યો. ત્યાર બાદ તાલીમ ખંડ ખાતે ગૂજરાત વિદ્યાપીઠના ઇતિહાસ અને કાર્યપ્રણાલી અંગેની ડોક્યુમેંટ્રી ફિલ્મ દર્શાવવામા આવી.

## સમાપન સત્ર



તા. ૦૮/૧૧/૨૦૧૯ ના રોજ તાલીમના બીજા દિવસના સમાપન સત્રમા ડૉ. દેવચંદ વહોનિયા દ્વારા આ કાર્યક્રમની તૈયારીથી લઇને આખો અભ્યાસક્રમ કઇ રીતે તૈયાર થયો. આ યોજના કઇ રીતે પ્રકાશમા આવી, આગામી સમયમા આ યોજના થકી સરકાર તેમજ આદિજાતિ વિસ્તારના લોકોને શુ લાભ થશે તે વિષે વિસ્તૃત જાણકારી આપી. તદઉપરાંત ગ્રામીણ અધ્યયન દરમિયાન વ્યવસ્થાપકોએ જે અમુક કાળજી રાખવાની છે તેના વિષે વાત કરી અને આ વાત તેમણે પોતાના અનુભવોના આધારે કરી હતી. આ કામગીરી દરમ્યાન તમને ઘણી મુશ્કેલીઓ ઓઅણ આવી શકે છે તેના વિશે કેવી રીતે નિવારણ લાવવુ તેના દ્રષ્ટાંતો આપી તાલીમાર્થીઓને સમજણ આપી તેમા ખાસ કરીને સ્થાનિક વ્યક્તિઓને વિશ્વાસમા લેવા ખુબ જરૂરી છે. આ યોજનાના અમલીકરણ વિશે વિશેષ જાણકારી આપી તથા અંતે મૌલિકભાઇ દ્વારા જરૂરી સૂચનાઓ આપી આ બે દિવસીય તાલીમ કાર્યક્રમની પૂર્ણાહુતી કરી.

## તાલીમાર્થીઓના અભિપ્રાયો

- તાલીમ કાર્યક્રમનુ આયોજન અને વ્યવસ્થા ખુબજ સુંદર હતી.
- આ કાર્યક્રમમા જોડાવાનો અમને મોકો મળ્યો તે અમારા માટે ખુબ જ આનંદની વાત છે.
- આ તાલીમ દરમ્યાન ભારત અને ગુજરાતના સમગ્ર આદિવાસીઓ વિશે જાણકારી મળી તે જરૂરી લાગી.
- અમને સોંપવામા આવેલ કામગીરી અમે નિષ્ઠાપૂર્વક કરીશુ જરૂર જણાય ત્યા TRTIના અધિકારીઓનુ માર્ગદર્શન લઇશુ.

# “આદિજાતિ વિકાસ વ્યવસ્થાપન સર્ટીફિકેટ કોર્ષ ” માં જોડાયેલ તાલુકા, જિલ્લા વ્યવસ્થાપક માટેની બે દિવસીય તાલીમ

## કાર્યક્રમની રૂપરેખા

| ક્રમ | તારીખ | સમય | કાર્યક્રમ | સંચાલન |
|---|---|---|---|---|
| ૧ | ૭-૧૧-૨૦૧૯ | ૦૯.૦૦ થી ૧૦.૦૦ | ચા/ નાસ્તો | - |
| ૨ | | ૧૦.૦૦ થી ૧૧.૦૦ | રજીસ્ટ્રેશન | શ્રી રાજેશ પારગી, TRTI<br>શ્રી રાકેશ ચૌધરી, TRTI<br>શ્રી પંકજ મહાડીક, TRTI |
| ૩ | | ૧૧.૦૦ થી ૧૧.૧૦ | પ્રાર્થના | ડૉ. તેજલબેન અધ્વર્યુ, TRTI |
| ૪ | | ૧૧.૧૦ થી ૧૧.૨૦ | સ્વાગત/પરિચય | ડૉ. તેજલબેન અધ્વર્યુ, TRTI |
| | | | | શ્રી ભરતસિંહ ગોહિલ, TRTI |
| ૫ | | ૧૧.૨૦ થી ૧૧.૩૦ | કાર્યક્રમ ઉદ્દઘાટન/દિપ પ્રાગટ્ય | હસ્તેઃ માન. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ તથા મહાનુભાવો |
| ૬ | | ૧૧.૩૦ થી ૧૧.૪૦ | TRTI, કાર્યક્રમનો પરિચય, હેતુ | ડૉ. દેવચંદ વહોનિયા, TRTI |
| ૭ | | ૧૧.૪૦ થી ૧૧.૫૦ | તાલીમ કાર્યક્રમ વિષયક ઉદ્દબોધન અને અધ્યક્ષીય પ્રવચન | ડૉ. ગજાનન ડાંગે, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ |
| | | ૧૧.૫૦ થી ૧૧.૬૦ | | શ્રી પ્રદિપ અગ્રવાલ, ડિરેક્ટર, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ |
| ૮ | | ૧૧.૬૦ થી ૧૨.૧૦ | | માન. કુલસચિવશ્રી, ગૂજરાત વિદ્યાપીઠ |
| ૯ | | ૧૨.૧૦ થી  ૧૨.૪૦ | | માન. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ |
| ૧૦ | | ૧૨.૪૦ થી ૧૨.૫૦ | આભાર વિધિ | ડૉ. દેવચંદ વહોનિયા, TRTI |
| ૧૧ | | ૧૨.૫૦ થી ૦૨.૦૦ | ભોજન | – |
| ૧૨ | | ૦૨.૦૦ થી ૩.૦૦ | તાલીમાર્થીઓનો પરિચય | શ્રી ભરતસિંહ ગોહિલ, TRTI |
| ૧૩ | | ૦૩.૦૦ થી ૩.૩૦ | ચા વિરામ | – |
| ૧૪ | | ૦૩.૩૦ થી ૦૪.૩૦ | TRTI મ્યુઝિયમની મુલાકાત | ડૉ.તેજલબેન અધ્વર્યુ, TRTI |
| | | | તાલીમ કાર્યક્રમ –દ્વિતીય  દિવસ | |
| ૧ | ૮-૧૧-૨૦૧૯ | ૯.૩૦ થી ૧૦.૦૦ | ચા–નાસ્તો | - |
| ૨ | | ૧૦.૦૦ થી ૧૧.૦૦ | આદિવાસીઓનો પ્રાથમિક પરિચય–દેશના અને ગુજરાતના આદિવાસીઓ અને આદિવાસી વિસ્તારો | ડૉ.મહેશભાઈ ગામીત અધ્યાપકશ્રી, સમાજશાસ્ત્ર, ગૂ.વિ. |
| ૩ | | ૧૧.૦૦ થી ૧૨.૦૦ | ગ્રામીણ અભ્યાસ એટલે શુ? અને પ્રવર્તમાન સમયમા આદિવાસી વિસ્તારમા તેની આવશ્યકતા | ડૉ. ગજાનન ડાંગે, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ |
| ૪ | | ૧૨.૦૦ થી ૦૧.૦૦ | ગ્રામીણ વિકાસ સંશોધન વિષે ચર્ચા | મૌલીક પટેલ, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ |
| ૫ | | ૦૧.૦૦ થી ૨.૦૦ | ભોજન | – |
| ૬ | | ૨.૦૦ થી ૩.૦૦ | વ્યવસ્થાપકોએ આગામી ત્રિમાસિક કામગીરીનુ આયોજન | શ્રી કપિલસહસબુદ્ધે, શાશ્વત વિકાસ પ્રબોધન પરિષદ |
| ૭ | | ૩.૦૦ થી ૪.૦૦ | પેસા એક્ટ, એફ.આર.એ, ટી.એસ.પી. તથા વનવંધુ કલ્યાણ યોજના અંગે સમજુતી | ડૉ. દેવચંદ વહોનિયા, TRTI |
| ૮ | | ૪.૦૦ થી ૪.૧૫ | ચા વિરામ | – |
| ૯ | | ૦૪.૧૫ થી ૦૫.૦૦ | આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકારની યોજનાઓ અમલીકરણ કાર્યપ્રક્રિયા અંગે જાણકારી | શ્રી સી.જી.રાબડીયા, મદદનિશ કમિશ્નર, આ.વિ. |
| ૧૦ | | ૦૫.૦૦ થી ૦૫.૧૫ | તાલીમ પૂર્ણાહુતિ અને તાલીમ પ્રતિભાવોનુ સંકલન | શ્રી ભરતસિંહ ગોહિલ, TRTI |